## હરિની દૃષ્ટિ...




મહિલા સશક્તિકરણ એવોર્ડને આટલી પબ્લિસીટી... !! જોજે... પુરુષો આનાથી પ્રભાવિત થઈ મહિલા સમોવડા બનવા પ્રેરાશે...!

# વાસન મહાદેવ ખાતે દુકાનના તાળા તુટ્યા...! ૨૦ હજારની ચોરી

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તથા પુર્વ મુખ્યમંત્રી શંકરસિંહજી વાઘેલાના સગા ભત્રીજાની વાસણા મહાદેવ સ્થિત દુકાનને તસ્કર ટોળકીએ રાત્રી દરમ્યાન નિશાન બનાવી હતી. દુકાનના તાળા તોડીને અંદરથી રૂ. ૨૦ હજારનો માલસામાન અને તેનું ડીસ્કવર બાઈક પણ ચોરી કરીને તસ્કરો રફફુચક્કર થઈ જતા પેથાપુર પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી તથા હાલના ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના નેતા શંકરજી વાઘેલાના સગા ભત્રીજા પ્રતિકસિંહ બળવંતસિંહ વાઘેલાની દુકાનમાં ઘરફોડ ચોરી થવા પામી છે. પ્રતિકસિંહને ગાંધીનગર નજીકના વાસણ મહાદેવ ગામમાં એક પાર્લર છે. રાત્રે ૧૧ વાગ્યાથી સવારના ૫ વાગ્યાના સમયગાળામાં તસ્કરોએ આ દુકાનના પાછળના દરવાજેથી તાળુ તોડીને દુકાનમાં પડેલો આશરે ૨૦ હજારની કિંમતનો માલસામાન ચોરી કર્યો હતો. ત્યાર બાદ દુકાન પાસે પડેલુ પ્રતિકસિંહનું ડિસ્કવર બાઈક પણ આ તસ્કરો ચોરી કરી ફરાર થઈ ગયા હતા. શંકરસિંહજી વાઘેલાના ભત્રીજા પ્રતિકસિંહ વાઘેલાની ફરીયાદને આધારે પેથાપુર પોલીસ મથકના સિનિ. પીએસઆઈ ડી.વી. વાળાએ રૂ. ૫૦ હજારની ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ગુનાની ઝીણવટભરી તપાસ આરંભી છે.

## સેટલમેન્ટ કમિશનર કચેરીના લો ઓફિસર લાંચ લેતા પકડાયા

ગોધરા રહેતા અશોકભાઈ કાનાભાઈ પરમારને નોકરી પરથી છુટો કરવામાં આવ્યા બાદ કોર્ટમાં ફરીયાદ કરી હતી. લેબર કોર્ટે અશોકભાઈની તરફેણમાં ચુકાદો આપ્યો હતો. જે અંગે ગુજરાત રાજ્યની સેટલમેન્ટ કમિશનર



કચેરીનો અભિપ્રાય પુછ્યો હતો. અશોકભાઈએ સેટલમેન્ટ કમિશનરની કચેરી ગાંધીનગર ખાતે આવીને લૉ ઓફીસર દિપકભાઈ અંબાલાલ ઠાકરને પુછતા તેમણે ફાઈલ જોઈને જણાવીશ તેમ કહ્યુંહતું. અને ત્યારબાદ ફોન કરીને ફાઈલ ક્લીયર કરવાનો રૂ. ૪૦ હજાર માંગ્યા હતા. જે પૈકી કામ પહેલા રૂ. ૨૦ હજાર અને કામ પછી રૂ. ૨૦ હજારનું નક્કી થયું હતું. એસીબીને ફરીયાદ મળતા ઘ-૪ સર્કલે ટીમ ગોઠવીને લૉ ઓફિસરને રૂ. ૨૦ હજારની લાંચ લેતા પી.આઈ. આર.એન. પટેલ તથા તેમની ટીમે પકડી કાયદેસરની કાર્યવાહી કરી છે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગરના યુવા અગ્રણી અને પ્રદેશ કોંગ્રેસના મહામંત્રીશ્રી નીશીત વ્યાસની દિકરી દેવાંશી કોમ્યુનિકેશન એન્જીનીયરીંગના ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા જઈ રહી છે તેણીનીએ કોલંબિયા યુનિ.માં પ્રવેશ મેળવ્યો છે.

● આજે વડોદરામાં યોજાયેલ કર્મચારી સંકલન સમિતિની રેલીને સચિવાલય ફેડરેશને નૈતિક ટેકો જાહેર કર્યો છે.

● મેડીકલ કોલેજના હોલમાં યોજાયેલ મહિલા શકિત એવોર્ડ સમારોહના આયોજનને લઈ પંચાયત પ્રમુખ હીના પટેલ, જિ.વિ.અ.શ્રી ભીમજીયાણી તેમજ અધિકારીઓ સાડા સાતે હોલ પર પહોંચ્યા હતા.

● મહિલા શકિત એવોર્ડ સમારોહ બાદ ઉપસ્થિત સૌને છોલે-પુરી અને ગુલાબજાંબુનું ભોજન જમાડવામાં આવ્યું હતું.

● વૈજનાથ મહાદેવ સે-૨૧ ખાતે ૧૫મી ઓગષ્ટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

● ૧૪-૧૫ ઓગષ્ટ દરમિયાન ઉત્તર ગુજરાતમાં વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

● આજે મુખ્યમંત્રીના હસ્તે યુનાઈટેડ નેશન્સના બેસ્ટ પ્રોજેકટ ઓફ હેલ્થમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે મેલેરિયા અધિકારી મમતા દત્તાણી અને બાલ વિકાસ અને મહિલા વિકાસ માટે સારી કામગીરી માટે છાયાબેનનું સન્માન મુખ્યમંત્રીએ કર્યું હતું. જે બંને પંચાયતના અધિકારી છે.

# જિલ્લા કોંગી સમિતિઓમાં જિલ્લા પ્રવક્તાની નિમણૂંક

### પ્રચારનું કામ ઝડપી અને અસરકારક બને તેની તૈયારીઓ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી તથા પ્રવક્તા નિશીત વ્યાસે જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષના આંદોલનાત્મક અને સંગઠનાત્મક કાર્યક્રમોને અખબારો અને મીડીયા દ્વારા બહોળો પ્રચાર થાય તે હેતુથી જીલ્લા કોંગ્રેસ સમિતિઓમાં જીલ્લા પ્રવક્તાઓની તથા વિભાગીય પ્રવક્તાઓની ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ ભરતસિંહ સોલંકીએ નિમણૂંક કરી છે.

કોંગ્રેસ પક્ષના પ્રચારનું કામ ખુબ જ ઝડપી અને અસરકારક બને અને જીલ્લા પ્રવક્તાઓ સાથે પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાઓ સંકલન કરે છે તે ઉપરાંત સમગ્ર ગુજરાતમાં ચાર ઝોનમાં પણ પ્રચાર-પ્રસારના કામનું સંકલન વધુ અસરકારક રીતે થાય તે માટે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિએ ચાર વિભાગીય મીડીયા વિભાગ શરૂ કરવાનું નક્કી કર્યું છે અને તે મુજબ માનનીય પ્રમુખની મંજૂરીથી મધ્ય ગુજરાતના વિભાગીય પ્રવક્તા તરીકે ભીખાભાઈ રબારી તથા દક્ષિણ ગુજરાતના વિભાગીય પ્રવક્તા તરીકે સંજય પટવાની નિમણૂંક કરવામાં આવી છે. મધ્ય ગુજરાત તથા દક્ષિણ ગુજરાતના વિભાગીય પ્રવક્તાઓ એ તેમના વિભાગના જીલ્લા પ્રવક્તાઓ તેમજ મીડીયા ટીમના સભ્યો સાથે રોજબરોજનું સંકલન કરીએ કોંગ્રેસ પક્ષના કાર્યક્રમોનું સત્વરે પ્રચાર-પ્રસાર થાય તેવી વ્યવસ્થા ગોઠવવાનું કામ કરશો તેવી અપેક્ષા સાથે શુભેચ્છાઓ પાઠવી છે.



(તસવીર : કશ્યપ નીમાવત)

## ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમીયા અને યુથ રેડક્રોસ અંગે જાગૃતિ સેમિનાર

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દ્વારા થેલેસેમીયા અને યુથ રેડક્રોસ અંગે જાગૃતિ સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે જીજ્ઞેશ રાવલ દ્વારા થેલેસેમિયા વિષયક માહિતી આપવામાં આવી હતી. એન.એસ.એસ. અધિકારી શ્રી રણછોડ રથવીના નેતૃત્વમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ આ શિબિરનો લાભ લીધો હતો.

# ટપક સિંચાઈ પદ્ધતિની સાથે સોલાર વોટરપંપનો સમન્વય

### સોલાર પંપ માટે ૧.૬૨ લાખની સહાયતા : સોલર સાથે ટપક સિંચાઈ અપનાવનાર પ્રથમ ૧૦૦ ખેડૂતને પ્રોત્સાહન

ગાંધીનગર,તા. ૧૧

રાજ્યમાં પ્રથમવાર નાબાર્ડ અને ગુજરાત ગ્રીન રિવોલ્યુશન કંપની લિમિટેડ (જીજીઆરસી)ના સહયોગથી આણંદ જિલ્લાના આંકલાવ ગામના મહિલા ખેડૂત વિદ્યાબેન પટેલ દ્વારા ટપક સિંચાઈ પદ્ધતિની સાથે સોલર વોટર પંપનો સફળ સમન્વય કરવામાં આવ્યો છે. જીજીઆરસીના ચેરમેન ડો. એસકે નંદાએ જણાવ્યં હતું કે, સોલાર વોટર પંપ સંપૂર્ણપણે સૌર ઉર્જા પર આધારિત હોવાથી બિનખર્ચાળ અને નિભાવ ખર્ચ વિના કાર્યરત છે, જે ખેડૂતોના આર્થિક વિકાસમાં અગત્યની ભૂમિકા ભજવે છે. સોલાર યોજના સાથે ટપક સિંચાઈ લેનાર પ્રથમ ૧૦૦ ખેડૂતોને સીઆરએસ કામગીરી અંતર્ગત રૂપિયા ૩૦ હજારની પ્રોત્સાહક રકમ લોન ખાતા જીજીઆરસી તરફથી આપવામાં આવશે.

અત્યાર સુધીમાં જીજીઆરસી યોજનામાં ૩૦ અરજીઓ મળી છે. ભારતમાં ખેડીવાડી એ વિકાસનો મૂળભૂત આધારસ્તંભ છે. દેશના ઘણા વિસ્તાર એવા છે કે જ્યાં પુરતા પ્રમાણમાં ભૂગર્ભ જળ હોવા છતાં વીજ કનેક્શનના અભાવે ખેડૂતો ખેતી કરી શકતા નથી. સોલાર પેનલનું આયુષ્ય ઘણું લાંબુ હોય છે. સોલાર પંપ સંપૂર્ણપણે પ્રદૂષણ રહિત છે, તેમજ શોર્ટસર્કિટનો ડર રહેતો નથી. નાબાર્ડ દ્વારા સંચાલિત સોલાર પંપ યોજનામાં ૩ એચપીના એસી-ડીસી સોલાર વોટર પંપની કિંમત ઉપર અલગ અલગ સબસિડી પણ ચુકવવામાં આવે છે જે અંતર્ગત એસી અને ડીસી સોલાર પંપની ઓછામાં ઓછી અનુક્રમે કિંમત ૨૯૯૦૦૦ અને રૂપિયા ૩૫૧૦૦૦ જેમાં રૂપિયા ૧૨૯૬૦૦ની સહાય ચુકવવામાં આવે છે.

# અતિવૃષ્ટિગ્રસ્તો માટે મદદ નહિ કરી કેન્દ્ર ગુજરાતને અન્યાય કરે છે : શંકરસિંહ

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્રમાં યુ.પી.એ. શાસન હતુ ત્યારે આપદા વેળામાં મદદ માટે માંગણી કરતી રાજ્ય સરકાર અન્યાય થયાની બુમો પાડતી હતી. આજે કેન્દ્ર સરકારે ગુજરાતની આ આપદામાં રૂપિયોય મદદ કરી નથી અને અમરેલી, બનાસકાંઠા પાટણના લોકો મદદ માટે દોડી રહ્યા છે તેવો આક્ષેપ વિપક્ષી નેતા શ્રી શંકરસિંહ વાઘેલાએ કરી અસરગ્રસ્તોને તાકીદે સહાય ચુકવવામાં આવે તેવી માંગ કરી છે.

તેમણે જણાવ્યું કે રાજ્ય સરકાર મદદમાં પહોંચી શકતી નથી અને કેન્દ્ર પાસે માંગી શકતી નથી. આ કેવી સ્થિતિ છે. શ્રી વાઘેલાએ જણાવ્યું કે ગુજરાત સરકાર કેન્દ્રમાં રજુઆત કરવામાં ઉણી ઉતરી છે.



ગુજરાતમાંથી પ્રજાના મતો લઈ સરકાર બનાવી, પરંતુ પ્રજા જ્યારે દુઃખી હોય ત્યારે તેની વહારે આવવું જોઈએ, તેમાં કેન્દ્રની સરકાર નિષ્ફળ નીવડી છે અને રાજ્ય સરકાર ગરીબ કલ્યાણ મેળામાં ખોવાયેલી રહી છે. બાકીનું જે સરકારી તંત્ર છે તે અનામતના ચક્કરમાં અટવાયેલું છે. આથી, અમરેલી, પાટણ અને બનાસકાંઠા જિલ્લાઓમાં અતિવૃષ્ટિથી અસરગ્રસ્તોને સમયસર જે મદદ મળવી જોઈએ તે મળી નથી. આજે પણ અસરગ્રસ્ત જિલ્લાઓના ગામોમાં વીજળીનું કનેક્શન નથી, પાણી ઉપલબ્ધ નથી, રસ્તાઓ તુટી ગયા છે, જેના કારણે અસરગ્રસ્તો દુઃખી છે અને સરકાર તેની ચિંતા કરે તેવી સરકાર પાસે અપેક્ષા રાખીએ.

ગુજરાત કોંગ્રેસની મહિલાઓએ કરેલ જનતા રેડ અંગે પ્રતિક્રિયા આપતાં શ્રી વાઘેલાએ જણાવ્યું હતું કે, મેં અગાઉ આ બે મુદ્દા અંગે કે જ્યાં દારૂ વેચાતો હોય ત્યાં રેડ પાડવી અને જ્યાં ગૌમાંસ વેચાતું હોય કે ગૌહત્યા થતી હોય

● અનુસંધાન પાના - ૭ પર

## ક્ષત્રિય ઠાકોર સેના ઓબીસી જ્ઞાતિઓની બેઠક યોજવાનું આયોજન

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતમાં વર્તમાન સમયમાં ચાલી રહેલ અનામતના વાવાઝોડાને અટકાવવા હવે ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનઓ ઝંપલાવવાનો વિચાર કર્યો છે. આગામી સમયમાં ઓબીસી સમાજમાં પાટીદારોના પ્રવેશને રોકવા ગુજરાતના ઓબીસી સમાજની ૧૪૭ જ્ઞાતિના એક પ્રતિનિધિ મંડળ સાથેની ચિંતન શિબિર તા. ૩૦મી ઓગષ્ટે યોજવામાં આવનાર છે. આગામી સમયમાં મોટા પ્રમાણમાં શકિત પ્રદર્શન કરી લડત આપવા રણનીતિ ઘડવામાં આવશે.

# તહેવારમાં ઈકો ફ્રેન્ડલી મૂર્તિના ઉત્પાદનને વેગ આપવા તૈયારી

### ઈકો ફ્રેન્ડલી મૂર્તિ બનાવવા ૧૦૦૦ કારીગરોને તાલીમ

અમદાવાદ, તા.૧૧

આગામી ગણેશોત્સવ સહિતના અનેક તહેવારોમાં પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓને બદલે માટીમાંથી બનાવેલી ઈકો ફ્રેન્ડ્લી મૂર્તિઓના ઉત્પાદનને વેગ આપવા રાજ્ય સરકાર દ્વારા સંકલિત પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તદ્અનુસાર પર્યાવરણને નુકશાનકર્તા પ્લાસ્ટર ઓફ પેરિસને છોડીને વધુને વધુ કારીગરો ઈકો ફ્રેન્ડ્લી માટીની મૂર્તિ બનાવતા થાય તે હેતુસર રાજ્ય સરકાર દ્વારા માટીમાંથી મૂર્તિ બનાવવા તમામ કારીગરો માટે રો મટીરીયલ બેંક સ્થાપી રાહત દરે માટી અને આનુષાંગિક રો-મટીરીયલ પૂરા પાડવા અને તૈયાર ઈકો ફ્રેન્ડ્લી મૂર્તિના વેચાણ ઉપર સહાય આપવામાં આવે છે. તેમ ગુજરાત રાજ્ય માટીકામ કલાકારીગરી અને રૂરલ ટેકનોલોજી સંસ્થા, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે. યાદીમાં જણાવ્યા મુજબ, ગુજરાતમાં ગણેશજી અને દશામાંની મૂર્તિઓ મહદ અંશે પ્લાસ્ટર ઓફ પેરીસના ઉપયોગથી બનાવાય છે. આ પ્રવૃત્તિમાં અમદાવાદ, વડોદરા અને સૂરત શહેર મુખ્ય છે. એક અંદાજ મુજબ ૧૦ હજાર કારીગરો દ્વારા તૈયાર થતી આવી બે લાખથી વધુ મૂર્તિઓનું વિસર્જન કરાય છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓમાં જીપ્સમ, સલ્ફર, ફોસ્ફરસ અને મેગ્નેશીયમ જેવા પદાર્થો હોય છે. જ્યારે રાસાયણિક રંગોમાં મર્ક્યુરી, લેડ, કેડમીયમ અને કાર્બન જેવા પદાર્થો હોય છે. નદી-તળાવ કે દરિયામાં આ મૂર્તિ વિસર્જીત થતાં પાણી પ્રદૂષિત થાય છે અને જલજ વનસ્પતિને પણ નુકશાન થાય છે. પ્લાસ્ટર ઓફ પેરીસની મૂર્તિઓમાં ઉપયોગમાં લેવાતા રાસાણયિક રંગોના કારણે વિસર્જન સમયે પાણીના કુદરતી સ્રોતોને પણ નુકસાન પહોંચે છે. પાણીમાં પ્રદૂષણ ઉત્પન્ન થાય છે તેમજ આવા પ્રદૂષિત પાણીના કારણે ચર્મરોગ સહિત કેટલાક રોગો પણ થાય છે. આમ પ્લાસ્ટર ઓફ પેરિસની મૂર્તિઓના વિસર્જનના કારણે પર્યાવરણને ઘણું નુકશાન થાય છે.


ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT — Kisan — ashirvad — VINAYAK500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR.FIXIT — TATA STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


ગાંધીનગર સમાચાર
Advertisement Tariff
[ Effective from : August 1, 2015 ]
Inside Page
Rs. 80.00 per col. cms.
Last Page
Rs. 100.00 per col. cms.
First Page
Rs. 120.00 per col. cms.
Besnu - Shraddhanjali - Prarthana Sabha
Rs. 50.00 per col. cms.
Tachukdi
Rs. 250.00 fix (Size - 5 cms x 4 cms)
(Every Sunday)
No extra charges for color advertisement
684/1, Sector-8, Gandhinagar-382 008. Gujarat.
e-mail : gsamacharadvt@gmail.com